## ૭૮૬-૯૨-૧૧૦

# ઈસલામી જનરલ નોલેજ

**આમા ૩ ૨૫ સવાલ જવાબ છે જે નાના મોટા બધા જ માટે ઈન્શાઅલ્લાહ લાભકારક રહેશે,અને ખાસ સ્પર્ધા યા હરિફાઈ યોજવવામાં આવે તો બહુજ ઉપયોગી રહેશે જેથી ઈસ્લામી જ્ઞાનમાં વધારો થઈ શકે,**

૧ નબી સ.અ.વ.ના પહેલા ખલીફા કોણ છે ?

જવાબ :- હ.અલી અ. સ.

૨ નબી સ.અ.વ.ના કેટલા જાનશીન છે ?

જવાબ :- 12 ઈમામો નબી સ.અ.વ. ના જાનશીન છે,

૩ હ.અલી અ.સ.એ જંગે જમલ કોના સામે લડી ?

જવાબ :- આયશા જે નબી સ.અ.વ. ના પત્ની હતા,

૪ હ. અલી અ.સ.ના લશ્કરના સીપેહસાલાર (કમાંડર)નું નામ શું હતું ?

જવાબ :- જનાબે માલીકે અશ્તર

૫ ઈમામે હુસૈન અ.ના ત્રણ ભાઈઓના નામ બતાવો ?

જવાબ :- ઈમામે હસન અ.સ., હઝરત અબ્બાસ અ.સ.અને જનાબે મોહંમદે હનફીયા.

૬ કયા નબી આપણા ઈમામે ઝમાના અજ. પાછળ નમાઝ પઢશે ?

જવાબ :- હ. ઈસા નબી અ.સ.

૭ હ.રસુલે ખુદા સ.અ.વ. ની કુન્નીયત શું હતી ?

જવાબ :- જ.અબુલ કાસીમ

૮ તમામ નબીયોમાં સૌથી અફઝલ નબી કયા છે ?

જવાબ :- હ.રસુલે ખુદા સ.અ.વ.

૯ ઈમામે ઝમાના અજ. નો જન્મ કયારે અને કઈ જગ્યાએ થયો ?

જવાબ :- ૧૫ શાબાન, ૨૫૫ હિજરી સન

૧૦ ઈમામે ઝમાના અજ. ના માતા તથા પિતાનું નામ બતાવો ?

જવાબ :- પિતા ઈમામે હસન અસ્કરી અ.સ. અને માતા જનાબે નરજીસ ખાતુન.

૧૧ કાબામાં કોનો જન્મ થયો છે ?

જવાબ :- હ. અલી અ.સ.નો

૧૨ વઝુ માટે પાણી ન મળે તો શું કરવું ?

જવાબ :- તયમ્મુમ

૧3 હાથીઓને લઈને ખાનએ કાબાને તોડવા કયો બાદશાહ આવ્યો હતો ?

જવાબ :- અબ્રહા

૧૪ રસુલે ખુદા સ.અ.વ. ના પિતાનું નામ શું છે ?

જવાબ :- જ.અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મુત્તલીબ

૧૫ મસ્જીદમાં દાખલ થવા અને નીકળવાની રીત શું છે ?

જવાબ :- જમણો પગ દાખલ થતી વખતે અને બાહર નીકળતી વખતે ડાબો પગ રાખવો ?

૧૬ હ. અલી અ.સ. ને કયા ઝાલીમે શહીદ કર્યા ?

જવાબ :- અબ્દુર રહમાન ઈબ્ને મુલ્જીમ મલઉને

૧૭ કુર્આને મજીદનો પહેલો સુરો ક્રમ અનુસાર કયો છે ?

જવાબ :- સુરએ અલ્હમ્દ

૧૮ કેટલા નબીયો જીવતા છે ? કયા કયા ?

જવાબ :- ચાર છે, હ.ઈસા , હ.ખીઝર, હ.ઈદરીસ અને હ.ઈલ્યાસ અ.સ.

૧૯ હાલમા ઈમામે ઝમાના અજ. ની કઈ ગૈબત ચાલું છે ?

જવાબ :- ગૈબતે કુબ્રા

૨૦ ઈમામે હુસૈન અ.સ.ની બે બહેનોના નામ બતાવો ?

જવાબ :- જનાબે ઝયનબ સ. અને જનાબે ઉમ્મે કુલસુમ

૨૧ શું ઈમામને બધી ભાષાઓ આવડે છે ?

જવાબ :- જી, હાં, ઈમામને બધી ભાષાઓ આવડતી હોય છે .

૨૨ બીબી ફાતેમા સ.અ.ના ઉપર સળગતો દરવાઝો કોના થકી પડયો ?

જવાબ :- ઉમર થકી

૨3 શું ઈમામે ઝમાના અજ. ગયબતે કુબ્રામાં મોમીનોથી મુલાકાત કરે છે ?

જવાબ :- હાં,

૨૪ હ. અલી અ.ની કુન્નીયત શું છે ?

જવાબ :- અબુલ હસન

૨૫ શું ઈમામે ઝમાના અજ. પોતાના મરઝીથી ઝહુર ફરમાવશે ?

જવાબ :- નહી, બલ્કે અલ્લાહના હુકમથી ઝહુર ફરમાવશે.

૨૬ જનાબે હકીમા ખાતુન ઈમામે ઝમાન અજ. ના શું સગા થાય ?

જવાબ :- ફુઈ

૨૭ ઈમામે ઝમાના અજ. ના ઝહુરના સમયને કોણ જાણે છે ?

જવાબ :- અલ્લાહ સુ.વ.ત.

૨૮ શું આપણા ઈમામ દરેક શીઆના આમાલની ખબર રાખે છે ?

જવાબ :- જી હાં.

૨૯ શું ઈમામે ઝમાના અજ. ને કોઈએ જોયા છે ?

જવાબ :- હા, ઘણા મોમીનોએ ઝીયારત કરી છે .

3૦ શું આ દુનીયા ખુદાના ખલીફા વગર બાકી રહી શકે છે ? જો ના , તો આપણા ઝમાનામાં કોણ ખલીફા છે ?

જવાબ :- આ દુનીયા ખુદાના ખલીફા વગર બાકી રહી શકતી નથી , અને આજના ઝમાનામાં ખલીફા ઈમામ મહેદી અજ. છે.

3૧ શબે કદર વિષે કુર્આનમાં કયો સુરો નાઝીલ થયો છે ? અને તેમા કેટલી આયતો છે ?

જવાબ :- સુરએ કદર અને તેમા પાંચ આયતો છે,

3૨ ઈમામે ઝમાના અજ. કયા કુંટુંબના છે ?

જવાબ :- બની હાશીમ

33 તે કયો ફરીશ્તો છે કે જેની પાંખો ઈમામ હુસૈન અ.ના ઝુલા (ઘોડીયા)ને લગાવવાથી પાછી મળી ગઈ ?

જવાબ :- ફીતરૂસ

3૪ સજદામાં કેટલી વસ્તુઓ ઝમીન ઉપર રાખવી વાજીબ છે ? કઈ કઈ ?

જવાબ :- સાત છે, કપાળ, બન્ને હાથની હથેળી,બન્ને ઘૂંટણ, અને બન્ને પગના અંગુઠા.

3૫ રસુલે ખુદા સ.અ.વ. ના કાકા જ.હમઝા કઈ જંગમા શહીદ થયા ?

જવાબ :- જંગે ઓહદમાં

3૬ તે કયું બાળક હતું કે જે પયગંબર સ.અ.વ.ની પીઠ ઉપર સજદાની હાલતમાં બેસી ગયું હતું ?

જવાબ :- ઈમામે હુસૈન અ.સ.

3૬ હ.રસુલે ખુદા સ.અ.વ. નો જન્મ કયારે થયો હતો ?

જવાબ :- ૧૭ રબીઉલ અવ્વલ, ૧ આમુલ ફીલ

3૭ ખુદાએ નબી મુસા સ. ને જે પહાડ ઉપર બોલાવ્યા હતા તેનું નામ બતાવો ?

જવાબ :- કોહે તુર

૩૮ બીબી ઝયનબ સ.ના બે દીકરાઓના નામ બતાવો ?

જવાબ :- ઔન અને મોહંમદ

૩૯ પયગંબરે ઈસ્લામની કબ્ર મુબારક કયા દેશમા અને કયા શહેરમા છે ?

જવાબ :- દેશ સઉદી અરબીયા અને શહેર મદિના

૪૦ જન્નતના સરદાર કોણ કોણ છે ?

જવાબ :- ઈમામે હસન અ.સ. અને ઈમામે હુસૈન અ.સ.

૪૧ ઉસુલે દીન કેટલા છે ? કયા કયા ?

જવાબ :- પાંચ છે, તૌહીદ ,અદલ , નબુવ્વત ,ઈમામત અને કયામત

૪૨ પયગંબરે ઈસ્લામના દાદાનું નામ શું છે ?

જવાબ :- જ.અબ્દુલ મુત્તલીબ

૪૩ ઈમામે હુસૈન અ.સ.કરબલા જતી વખતે કઈ દીકરીને મદિના મુકીને ગયા હતા ?

જવાબ :- જનાબે સુગરા

૪૪ જનાબે બીબી સકીનાની શહાદત કયાં થઈ ?

જવાબ :- શામના કૈદ ખાનામાં ,

૪૫ સલામનો જવાબ આપવો સુન્નત છે કે વાજીબ ?

જવાબ :- વાજીબ

૪૬ આસમાની ચાર કિતાબો કયા નબીયો ઉપર નાઝીલ થઈ ?

જવાબ :- ઝબુર નબી દાઉદ અ.સ. ઉપર , તૌરેત નબી મુસા અ.સ. ઉપર, ઈન્જીલ નબી ઈસા અ.સ. ઉપર અને કુરઆને મજીદ હ.મોહંમદ સ.અ.વ. ઉપર નાઝીલ થયું છે.

૪૭ અકીક, ફીરોઝા અથવા યાકુતની વીંટીં પહેરવી વાજીબ છે યા સુન્નત કે મકરૂહ ?

જવાબ :- સુન્નત છે ,

૪૮ પૂરૂષ માટે સોનુ પહેરવાનો શું હુકમ છે ?

જવાબ :- હરામ છે

૪૯ હ.ઈમામે મુસે કાઝીમ અ.ની નમાઝે મય્યત કોણે પઢાવી ?

જવાબ :- હ.ઈમામે અલી રઝા અ.સ.

૫૦ રસુલે ખુદા સ.અ.વ.એ ઈસ્લામના કેટલા ફીરકા થવાની વાત કરેલ છે અને તેમાથી કેટલા જન્નતમા જશે ?

જવાબ :- ૭૩ ફીરકા થવાની વાત કરેલ, અને તેમાથી એક જ જન્નતમાં જશે.

૫૧ ઈમામે હુસૈન અ.સ.કૂફામા પોતાનો નાયબ બનાવીને કોણે મોકલ્યા હતા ?

જવાબ :- જનાબે મુસ્લીમ બીન અકીલને

૫૨ ઈમામે હુસૈન અ.સ. પત્ર લખીને કરબલાના મૈદાનમા કોણે બોલાવ્યા હતા ?

જવાબ :- જનાબે હબીબ બીન મઝાહેર

૫૩ નમાઝે જુમ્મામા કયા સુરા પઢવા સુન્નત છે ?

જવાબ :- સુરએ જુમ્મા અને સુરએ મુનાફેકુન

૫૪ જનાબે ઈબ્રાહીમ નબીના બે દીકરાના નામ આપો જે બન્ને નબી હતા ?

જવાબ :- જનાબે ઈસ્માઈલ અને જનાબે ઈસ્હાક

૫૫ તયમ્મુમ કઈ વસ્તુ પર થઈ શકે છે પાણી, માટી કે પછી કપડુ ?

જવાબ :- તયમ્મુમ માટી ઉપર કરવામા આવે છે .

૫૬ કરબલાના મૈદાનમાં અહલેબય્ત અ.સ.ના કુંટુંબના કેટલા માણસો શહીદ થયા ?

જવાબ :- ૧૮ માણસો

૫૭ જંગે હુનૈન કયારે થઈ ?

જવાબ :- શવ્વાલ મહીનામા, હિજરી સન 8,

૫૮ આપણે ઈદે ગદીર શા માટે મનાવીએ છીએ ?

જવાબ :- ઈદે ગદીરના દિવસે અલ્લાહના હુકમથી આપણા પયગંબર હ.મોહંમદ સ.અ.વ. મૌલા અલી અ.સ.ને સવા લાખ લોકોના વચમા ખલીફા અને પોતાના જાનશીન બનાવ્યા એટલે.

૫૯ તે કોણ હતું જે પોતાના માટે ખુદાથી અઝાબની માંગણી કરી ?

જવાબ :- હારીસ બીન નોઅમાન

૬૦ ઈમામે હુસૈન અ.સ.નું માથું કયા મલઉને જુંદુ કર્યુ ?

જવાબ :- શીમ્ર બીન ઝીલજવશન મલઉને,

૬૧ મૌલા અબ્બાસની માનું નામ શું હતું ?

જવાબ :- ફાતેમા બીન્તે હેજામ (જનાબે ઉમ્મુલ બનીન)

૬૨ જનાબે બીબી ફાતેમાના તે દીકરાનું નામ બતાવો, જે પેટમા શહીદ થઈ ગયા હતા.

જવાબ :- જનાબે મોહસીન બીન અલી અ.સ.

૬૩ સુરએ ફાતેહામાં કુલ કેટલી આયતો છે ?

જવાબ :- ૭ આયતો.

૬૪ જનાબે ફાતેમા સ.અ.ના પિતા તથા માતાનું નામ શું છે ?

જવાબ :- પિતા હઝરત મોહંમદ મુસ્તુફા સ.અ.વ., માતા જનાબે ખદીજતુલ કુબ્રા સ.અ.

૬૫ ઈમામે ઝમાના અ.ની કેટલી ગૈબત છે ?

જવાબ :- બે ગૈબત છે, પહેલી ગૈબતે સુગરા (નાની ગૈબત), બીજી ગૈબતે કુબ્રા (મોટી ગૈબત),

૬૬ કૂફામા કત્લે ઈમામ હુસૈન અ.સ.નો બદલો કોણ લીધો ?

જવાબ :- જનાબે મુખ્તાર અને જનાબે ઈબ્રાહીમ બીન માલીકે અશ્તરે,

૬૭ દુનિયામા કેટલા નબીયો આવ્યા ? અને તેમાથી કેટલા રસુલ હતા ?

જવાબ :- ૧૨૪000 નબીયો આવ્યા અને તેમાથી 333 રસુલ હતા,

૬૮ જનાબે ઈસા નબીનો લકબ શું છે ?

જવાબ :- રૂહુલ્લાહ

૬૯ નબી ઈસાનો શું મોઅજીઝો હતો ?

જવાબ :- બીમારોને શફા, અને મુર્દાઓને જીવતા કરતા હતા ,

૭0 અલ્લાહે નબી મુસાને કયો મોઅજીઝો આપ્યો હતો ?

જવાબ :- એક અસા એટલે લાકડી આપી હતી જેનાથી જુદા જુદા કામમા વાપરતા હતા જેમ કે તેને ઝમીન પર ફેકવાથી મોટો સાંપ બની જતો હતો , ક્યારેક છાયડા માટે ઝાડ થઈ જતુ,

૭૧ મૌલા અલી અ.ના ત્રણ ભાઈના નામ બતાવો ?

જવાબ :- તાલીબ ,જાફર અને અકીલ,

૭૨ સાતમા માસુમનું નામ બતાવો ?

જવાબ :- હઝરત મોહંમદ બાકીર અ.સ.

૭3 કેટલા ઈમામોનુ નામ હસન છે ?

જવાબ :- બીજા અને અગીયારમા ઈમામનુ,

૭૪ કેટલા ઈમામોનુ નામ મોહંમદ છે ?

જવાબ :- પાંચમા, નવમા અને બારમા ઈમામ,

૭૫ સિફાતે સબુતીયા અને સિફાતે સલબીયા એટલે શું ?

જવાબ :- જે સિફતો ખુદામા છે તેને સિફાતે સબુતીયા, અને જે સિફતો ખુદામા હોતી નથી તેને સિફાતે સલબીયા કહે છે ,

૭૬ સિફાતે સબુતીયા બતાવો ?

જવાબ :- કદીમ,કાદીર,આલીમ,મુદરીક,હઈ,મુરીદ,મુતકલ્લીમ અને સાદિક.

૭૭ સિફાતે સલબીયા બતાવો ?

જવાબ :- મુરકકબ નથી, શરીર નથી, મકાન નથી, હુલુલ નથી, મરઈ નથી, મહલ્લે હવાદિસ નથી, શરીક નથી, સિફાત ઝાયદ બર ઝાત નથી,

૭૮ અલ્લાહે અમુક જીવને મા બાપ વગર પૈદા કરેલ છે તેમાથી ચારના નામ આપો ?

જવાબ :- જનાબે આદમ , જનાબે હવ્વા, જનાબે સાલેહ નબીની ઊંટણી, તે ઘેટું જે જનાબે ઈસ્માઈલની જગ્યામા ઝબહ થયુ.

૭૯ મરવા પછી માણસની રૂહ કયા રાખવામા આવે છે ?

જવાબ :- નેક માણસની રૂહ વાદીયુસ્સલામમા અને ગુનેહગારની રૂહ વાદીયે બરહુતમા.

૮૦ આશુરના દિવસે રોઝુ રાખવાનો શું હુકમ છે ?

જવાબ :- મકરૂહ

૮૧ મલઉન સલમાન રશદીએ પયગંબરના વિરૂધમા કઈ કિતાબ લખી ?

જવાબ :- " ધ શયતાનીક વર્સેસ "

૮૨ જનાબે હમઝા રસુલે ખુદા સ.અ.વ.ના શું સગા થાય ?

જવાબ :- કાકા

૮3 પયગંબરે ઈસ્લામના કોઈ પણ ત્રણ વફાદાર સહાબીના નામ આપો ?

જવાબ :- જનાબે સલમાન, જનાબે અબુઝરે ગફફારી, જનાબે હોઝયફા યમાની

૮૪ ઈમામે હુસૈન અ.ના કપાએલા માથાએ કયા સુરાની તિલાવત કરી હતી ?

જવાબ :- સુરએ કહફ

૮૫ કુરઆને મજીદમા કેટલા સુરા છે ?

જવાબ :- ૧૧૪

૮૬ ૨૨ રજબના કયો માણસ વાસીલે જહન્નમ થયો ?

જવાબ :- મુઆવીયા ઈબ્ને અબુસુફયાન.

૮૭ ઈમામે ઝમાના અજ. કયા શહેરમા પૈદા થયા ?

જવાબ :- સામર્રામા,

૮૮ પયગંબર સ.અ.વ.ના તે કયા સહાબી હતા જેઓ આપણા નબી સ.અ.વ.ના સલામ હ.ઈમામ મોહંમદબાકિર અ.ને પહોચાડયા ?

જવાબ :- જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારી

૮૯ જયારે ઈમામે ઝમાના અજ. ની ગયબતે સુગરા ચાલુ થઈ ત્યારે આપણા ઈમામની ઉંમર કેટલી હતી ?

જવાબ :- પાંચ વરસ

૯૦ ગયબતે સુગરા અને ગયબતે કુબ્રા અટલે શું ?

જવાબ :- ગયબતે સુગરા એટલે આપણા ઈમામે ઝમાના અજ. લોકોથી ગાયબ રહ્યા, પરંતુ તેમના ખાસ ચાર નાયબોથી મુલાકાત કરતા હતા. અને ગયબતે કુબ્રા એટલે જે હમણાની મુદદત છે તેને કહેવાય છે, જેમા ઈમામના કોઈ ખાસ નાયબો નથી પરંતુ આલીમો ઈમામના નાયબો કહેવાય છે

૯૧ ઈમામે હુસૈન અ.ના બે દીકરા અને બે દીકરીના નામ આપો ?

જવાબ :- જનાબે અલી અકબર, જનાબે અલી અસગર. જનાબે સકિના ,જનાબે સુગરા.

૯૨ કરબલામા ઈમામ ઝયનુલ આબેદીન અ.ની ઉંમર કેટલી હતી ?

જવાબ :- ૨૪ વરસ (ઈખ્તેલાફ રીવાયતોમાં)

૯3 કરબલાના અસીરોને યઝીદ મલઉને કેટલા વરસ સુધી રાખ્યા ?

જવાબ :- એક વરસ

૯૪ ઈમામે ઝમાના અજ. ગાયબ હોવા છતા લોકોને તેમનાથી કેવી રીતે લાભ પહોચે છે ?
રસુલે ખુદા સ.અ.વ. કઈ વસ્તુથી ઉદાહરણ આપેલુ છે ?

જવાબ :- જે રીતે સૂરજ વાદળોમા છૂપાઈને પણ દુનિયામા ફાયદો પહોચાડે છે તે પ્રમાણે ઈમામ ગાયબ હોવા છતા પણ આપણને તેમનાથી લાભ મળે છે .

૯૫ ઈમામે ઝમાના અજ. કઈ જગ્યાથી ઝહુર ફરમાવશે ?

જવાબ :- ખાનએ કાબાથી

૯૬ ઈમામે ઝમાના અજ.ના જનમ વખતે જે ઔરત હાજર હતી તેનું નામ શું છે ?

જવાબ :- જનાબે હકીમા ખાતુન

૯૭ આપણા આમાલ ઈમામે ઝમાના અજ.ના પાસે કયારે જાય છે ?

જવાબ :- શબે જુમ્માના (એક રિવાયત પ્રમાણે)

૯૮ તે કઈ કિતાબ છે જેમા મૌલા અલી અ.ના ખુત્બા ,નસીહતો અને પત્ર વગેરે લખેલા છે ?

જવાબ :- નહજુલ બલાગાહ

૯૯ રસુલે ખુદા સ.અ.વ. અને હ. અલી અ.સ.ની માતાનું નામ બતાવો ?

જવાબ :- જ.આમેના બીન્તે વહબ, ફાતેમા બીન્તે અસદ,

૧૦૦ હ.ઈમામ સાદીક અ.સ.ની કબ્ર મુબારક કયા કબ્રસ્તાનમા અને કયા શહેરમા આવેલી છે ?

જવાબ :- જન્નતુલ બકીઅમાં જે મદીનએ મુનવ્વરામાં આવેલું છે.

૧૦૨ ઈમામે ઝમાન અ.સ.ના દાદાનુ નામ બતાવો ?

જવાબ :- ઈમામ અલીયુન નકી અ.સ.

૧૦૩ કયા ઈમામના ગળામા રસ્સી બાધવામા આવી હતી ?

જવાબ :- ઈમામ અલી અ.સ.ના ગળામા

૧૦૪ મયદાને કરબલામા કેટલા ઈમામ હાજર હતા ?

જવાબ :- ઈમામ હુસૈન અ.સ.,ઈમામ ઝયનુલઆબેદીન અ.સ.,ઈમામ મોહંમદબાકીર અ.સ.

૧૦૫ ઈસ્લામી મહીનાના નામ બતાવો અને ઈસ્લામી મહિનાની શરૂઆત કયા મહિનાથી થાય છે ?

જવાબ :- મોહર્રમ, સફર,રબીયુલઅવ્વલ,રબીયુલઆખર, જમાદીયુલઅવ્વલ, જમાદીયુલઆખર , રજબ,શાબાન,રમઝાન,શવ્વાલ, ઝીલકાદ,ઝીલ્હજ્જ અને મોહર્રમ મીહનાથી ઈસ્લામી વરસની શરૂઆત થાય છે .

૧૦૬ પાંચ જંગના નામ બતાવો જેમા હ. અલી અ.સ.હાજર હતા ?

જવાબ :- બદ્ર, ઓહદ, ખૈબર, ખંદક, જમલ, સિફ્ફીન, નહેરવાન,

૧૦૭ તે કઈ જંગ હતી જેમા નબીને તેમના સાથીયો જંગમા એકલા છોડીને ચાલ્યા ગયા હતા ?

જવાબ :- જંગે ઓહદ

૧૦૮ નબી સ.અ.વ.ની સૌથી પહેલી બીબીનું નામ શું છે ?

જવાબ :- જ.ખદીજતુલ કુબ્રા સ.અ.

૧૦૯ રસુલે ખુદા સ.અ.વ.ના નિકાહ કોને પઢયા ?

જવાબ :- જનાબે અબુતાલીબ અ.સ.

૧૧૦ બાગે ફીદક બીબી ફાતેમા સ.અ.ને કોન આપ્યો હતો ? અને કોને છીનવી લીધો ?

જવાબ :- હ.રસુલે ખુદા સ.અ.વ. આપ્યો હતો, અને અબુ બકરે છીનવી લીધો.

૧૧૧ જંગે જમલનુ નામ જમલ શા માટે પડયું?

જવાબ :- જમલ એટલે ઊંટ , અને આ જંગમા આયશા ઊંટ ઉપર બેસીને આવી હતી.

૧૧૨ ઈમામ હસન અ.સ.એ કોનાથી સુલેહ કરી હતી અને આ સુલેહ કયા નામથી ઓળખાય છે ?

જવાબ :- મઆવીયા ઈબ્ને અબુ સુફયાનથી, અને સુલેહ હસનથી.

૧૧૩ નબી સ. ના સહાબી અબુઝરે ગફ્ફારીને કોણ શહેર બાહર (તડીપાર) કર્યા?

જવાબ :- ઉસમાનને

૧૧૪ બની હાશીમનો ચાંદ કોને કહેવામાં આવે છે ?

જવાબ :- હ.અબુલ ફઝલીલ અબ્બાસ અ.સ.ને.

૧૧૫ બે માણસોના નામ બતાવો જેઓનો લકબ બાબુલ હવાએજ છે ?

જવાબ :- ઈમામ મુસે કાઝીમ અ.સ.અને મૌલા અબ્બાસ અલમદાર અ.સ.

૧૧૬ તે ઈમામનું નામ બતાવો જેઓના નામથી ઈમામ ઝામીન બાંધવામા આવે છે ?

જવાબ :- હ. ઈમામ અલી રઝા અ.સ.

૧૧૭ કયામતના દિવસે બધા પોત પોતાના ઈમામ સાથે હશે, ત્યારે આપણે કયા ઈમામ સાથે હશું?

જવાબ :- ઈમામે ઝમાના હ. મહેદી અ.સ. સાથે.

૧૧૮ વઝુમાં હાથને કેટલી વખત ધોવું વાજીબ અને કેટલી વખત સુન્નત અને કયારે હરામ છે ?

જવાબ :- પહેલી વખત વાજીબ અને બીજી વખત સુન્નત અને તેથી વધારે હરામ છે,

૧૧૯ ગુસ્લે મસે મય્યત વાજીબ છે કે સુન્નત કે મકરૂહ ?

જવાબ :- વાજીબ

૧૨૦ સાતમા ઈમામ અ.સ.ની મુબારક કબ્ર કયા શહેરમા છે ?

જવાબ :- કાઝમૈન (ઈરાક)

૧૨૧ આપણ નબી સ.અ.વ. કયા શહેરથી કયા સુધી હિજરત કરી ?

જવાબ :- મક્કાથી મદીના સુધી

૧૨૨ આપણા નબી કયા મહિનામા અને કઈ તારીખે હિજરત કરી ?

જવાબ :- રબીઉલ અવ્વલ મહિનાની પહેલી તારીખે હિજરત કરી,

૧૨૩ ઈમામ હુસૈન અ.સ.ની કબ્ર મુબારકની ઝીયારત કયા સહાબીએ કરી ?

જવાબ :- જનાબે જાબીર બીન અબ્દુલ્લાહ અંસારીએ,

૧૨૪ હિજરતની રાત્રે આપણા નબી સ.અ.વ. પોતાના બીસ્તર ઉપર કોણે સુવરાવ્યા હતા ?

જવાબ :- હઝરત અલી અ.સ.

૧૨૫ શીઆ ઈસ્ના અશ્રીનો અર્થ શું થાય છે ?

જવાબ :- બાર ઈમામને માનવાવાળા,

૧૨૬ શીર્ક એટલે શું ?

જવાબ :- અલ્લાહની ઝાતમા કોઈને ભાગીદાર કરવું ?

૧૨૭ ફુરૂએદીન કેટલા છે ? અને કયા કયા ?

જવાબ :- ફુરૂએદીન તો ઘણા જ છે પરંતું ખાસ દસ છે, નમાઝ,રોઝા,હજ,ઝકાત,ખુમ્સ,જેહાદ, અમ્રબીલમઅરૂફ, નહ્યઅનીલમુન્કર, તવલ્લા,તબર્રા.

૧૨૮ પયગંબરે ઈસ્લામની વફાત કઈ તારીખે થઈ ?

જવાબ :- ૨૮ , સફર, ૧૧, હિજરી સન

૧૨૯ ચોથા ઈમામ અ. ની દુવાઓની કિતાબનુ નામ શું છે ?

જવાબ :- સહિફએ કામેલા, સહિફએ સજ્જાદીયા

૧૩૦ આપણા અગિયારમા ઈમામની નમાઝે મય્યત કોણે પઢાવી ?

જવાબ :- આપણા બારમા ઈમામ અજ.

૧૩૨ ઈમામે હુસૈન અ.ની શહાદત કયારે અને કયા થઈ, અને આપની ઉંમર કેટલી હતી ?

જવાબ :- ૧૦ મોહર્રમ , ૬૧ હિજરી સન , કરબલા ,ઉંમર ૫૭ .

૧૩૩ આપણા ત્રીજા ઈમામનું નામ શું છે ?

જવાબ :- હ. ઈમામ હુસૈન અ.

૧૩૪ જ. હાજરા જે બે પહાડની વચમા પાણી માટે દોડયા હતા તેના નામ બતાવો ?

જવાબ :- સફા અને મરવા,

૧૩૫ અમ્રબીલ મઅરૂફ એટલે શું ?

જવાબ :- નેકીની હિદાયત કરવી,

૧૩૬ નહ્ય અનીલ મુન્કર એટલે શું ?

જવાબ :- બુરાઈથી રોકવું ,

૧૩૭ આબે મુત્લક એટલે શું ? અને આબે મુઝાફ એટલે શું ?

જવાબ :- ચોખ્ખું પાણી અને મુઝાફ એટલે ભેળસેળ વાળું પાણી.

૧૩૮ ઈમામે ઝમાના અ.ના તે ચાચાનું નામ બતાવો જે જુઠો દાવો કર્યો હતો ?

જવાબ :- જાફરે કઝ્ઝાબ

૧૩૯ કરબલામા અબ્દુલ્લાહ બીન જાફરના કયા બે દીકરા શહીદ થયા છે ?

જવાબ :- ઔન અને મોહંમદ

૧૪૦ રસુલે ખુદા સ.બાગે ફીદક જ.ફાતેમા સ.ને કઈ હિજરીમા આપ્યો હતો ?

જવાબ :- સાત હિજરી

૧૪૧ ગદીરનો બનાવ કઈ તારીખ અને કઇ હિજરીમા બન્યો ?

જવાબ :- ૧૮ ઝીલહજ્જ , ૧૦ હિજરી

૧૪૨ હ.અલી અ.ના બન્ને દીકરાના નામો કોના નામ પર થી રાખવામા આવ્યા છે ?

જવાબ :- જ.હારૂનના દીકરાઓના નામો પર થી જેમનું નામ શબ્બર અને શબ્બીર હતું,

૧૪૩ શબે હિજરત જ્યારે મૌલા અલી અ. પયગંબર સ. ના બીસ્તર ઉપર સુતા હતા ત્યારે કયા ફરીશ્તા નાઝીલ થયા હતા ?

જવાબ :- જીબ્રઈલ અને મીકાઈલ

૧૪૪ સુરએ બરાઅત આપીને સૌથી પહેલા કોણે અને પછી થી કોણે તબ્લીગ માટે મોકલાવ્યા ?

જવાબ :- પહેલા અબુબકર અને પછી હ.અલી અ.ને

૧૪૫ સુલેહ હુદય્બીયામા રસુલ પર શક કોણે કર્યો ?

જવાબ :- ઉમર બીન ખત્તાબ

૧૪૬ અબુબકરને કઈ જગ્યામા ખલીફા બનાવવામા આવ્યા ?

જવાબ :- સકીફા બની સાઅદા

૧૪૭ કુર્આને મજીદનો સૌથી મોટો સુરો,અને સૌથી નાનો સુરો કયો છે અને તેમા કેટલી આયતો છે ?

જવાબ :- સૌથી મોટો સુરો સુરએ બકરહ ૨૮૬ આયતો, અને સૌથી નાનો સુરો સુરએ કૌસર અને સુરએ અસ્ર 3 આયતો,

૧૪૮ કુર્આને કરીમનું દીલ કયા સુરાને કહેવામા આવ્યું, અને કયા પારામા તે સુરો છે ?

જવાબ :- સુરએ યાસીન અને તે ૨૨ અને ૨૩મા પારામા છે ?

૧૪૯ સમેઅલ્લાહુ લેમન હમેદહ નો શું અર્થ છે ?

જવાબ :- ખુદા તેના વખાણ કરનારનુ સાંભળે છે,

૧૫૦ ઝુલ્ફિકાર કઈ જંગમા ઉતરી ?

જવાબ :- જંગે ઓહદમા

૧૫૧ કયા ઈમામોની શહાદત ઝેરથી નથી થઈ ?

જવાબ :- હ.ઈ.અલી અ.,હ.ઈ.હુસૈન અ.

૧૫૨ અહલેબય્ત અ.ની પાકીઝગી વિષે કઈ આયત નાઝીલ થઈ છે અને અને કયા સુરામાં છે ?

જવાબ :- તે આયતે તત્હીર છે, સુરએ અહઝાબ આયત 33

૧૫3 ઈસ્લામની સૌથી પહેલી લડાઈ કઈ હતી ?

જવાબ :- જંગે બદ્ર

૧૫૪ પયગંબરે ઈસ્લામ કયા બે શહેરોમા ઝીંદગી વીતાવી ?

જવાબ :- મક્કામા 53 વરસ અને મદિનામા 10 વરસ

૧૫૫ નબી સ. કયા માણસને કહ્યું હતુ કે તમે એક દિવસ અલી અ. થી લડાઈ કરશો ?

જવાબ :- જુબૈર ને

૧૫૬ નબી સ. બની ઉમય્યાના કયા માણસને શહેર બાહર કર્યા હતા ?

જવાબ :- હકમ

૧૫૭ હ.અલી અ.ની માતા કયા બે નામોથી બોલાવતા હતા ?

જવાબ :- અસદ અને હૈદર

૧૫૮ હ.અલી અ.ની કુન્નીયત શું છે ?

જવાબ :- અબુલહસન, અબુસ્સીબતૈન અને અબુતુરાબ

૧૫૯ કઈ જંગ પછી અલી અ. ના નીકાહ થયા ?

જવાબ :- જંગે બદ્ર

૧૬૦ ગદીરના મૈદાનમા હ.અલી અ.ને સૌથી પહેલા કોણે મુબારકબાદી આપી ?

જવાબ :- ઉમર બીન ખત્તાબ

૧૬૧ જ.ફાતેમા સ. નો જન્મ કયા શહેરમા થયો ?

જવાબ :- મદિનામા

૧૬૨ જ.ફાતેમા સ. કઈ જગ્યા દફન થયા તે શહેરનુ નામ બતાવો ?

જવાબ :- મદિના મા

૧૬૩ જ.ફાતેમા સ.ના માતા પિતાનું નામ બતાવો ?

જવાબ :- પિતા હ.મોહંમદ સ.અ.વ. અને માતા જ.ખદીજતુલ કુબ્રા સ.

૧૬૪ મદિનામા કેટલા માસુમોની કબ્ર મુબારક આવેલી છે ? અને કયા કયા ?

જવાબ :- છ માસુમોની કબ્રો છે, હ.મોહંમદ સ. અ. વ. , બીબી ફાતેમા સ.,ઈમામ હસન અ., ઈમામ ઝયનુલ આબેદીન અ.,ઈમામ મોહંમદ બાકીર અ.,ઈમામ જાફર સાદીક અ.,

૧૬૫ આપણા નબી સ.નો જન્મ મુબારક કયા શહેરમા થયો હતો ?

જવાબ :- મકકએ મોઅઝ્ઝમા માં

૧૬૬ ઈમામે હસન અ.નો જન્મ મુબારક કયારે અને કયા શહેરમા થયો ?

જવાબ :- પંદર રમઝાનુલ મુબારક, ત્રણ હિજરી, મદિના

૧૬૭ દરેક દિવસ માટે કોઈને કોઈ માસુમની ઝીયારત છે તો સોમવારના કયા માસુમ માટે ઝિયારત છે ?

જવાબ :- ઈમામ હસન અને હુસૈન અ.

૧૬૮ ઈમામ અલી અ.ની શહાદતના સમયે ઈમામ હસન અ.ની ઉંમર કેટલા વરસની હતી ?

જવાબ :- 37 વરસ

૧૬૯ ઈમામ હસન અ. અને ઈમામ હુસૈન અ. વિષે એક હદીસ સંભળાવો ?

જવાબ :- હસન અને હુસૈન જન્નતના જવાનોના સરદાર છે,

૧૭૦ ઈમામ હુસૈન અ.થી આશુરના દિવસે ઝોહરની નમાઝ પઢવા માટે કોણે કહ્યું હતુ ?

જવાબ :- અબુ સમામા સયદાવી

૧૭૧ ઈમામે હુસૈન અ. ના લશ્કરનો અલમદાર કોણ હતું ?

જવાબ :- હ. અબુલ ફઝલીલ અબ્બાસ અ.

૧૭૨ કરબલાના મૈદાનમા ઈમામહુસૈન અ.બચપનના કયા દોસ્તને પત્ર લખીને બોલાવ્યા હતા ?

જવાબ :- જ.હબીબ ઈબ્ને મઝાહીર

૧૭૩ પયગંબરે ઈસ્લામ જયારે મદિના આવ્યા તો સૌથી પહેલા કયા સહાબીના ઘરે રોકાયા હતા ?

જવાબ :- જ. અબુઅય્યુબ અન્સારી

૧૭૪ મક્કામા મુશ્રીકો અને કાફરો કઈ જગ્યા પર આવીને મશ્વરો કરતા હતા ?

જવાબ :- દારૂન્નદવા

૧૭૫ પયગંબરે ઈસ્લામને મદિના આવવા પહેલા મદિનામાં બે મોટા કબીલા રહેતા હતા તે કયા કયા હતા અને તેવોના સરદારનું નામ શું હતું ?

જવાબ :- ઔસ કબીલો અને તેના સરદારનું નામ બશીર ઈબ્ને સાઅદ,અને ખઝરજ જેના સરદારનું નામ સાઅદ ઈબ્ને ઓબય્દા હતું,

૧૭૬ રસુલે ખુદા સ.અ.વ.ની પરવરીશ કઈ દાયાએ કરી ?

જવાબ :- જ.હલીમા ખાતુન,

૧૭૭ રસુલે ખુદા સ.અ.વ. મુનાફીકોની ઓળખ પોતાના કયા સહાબી ને આપી હતી ?

જવાબ :- જ. હોઝયફએ યમાની

૧૭૮ મૌલા અલી અ.ના સર મુબારક પર તલવાર લાગી ત્યારે કયા શબ્દો બોલ્યા ?

જવાબ :- " ફુઝ્તો બે રબ્બીલ કાઅબા " કાબાના પરવરદિગારની કસમ હું કામીયાબ થઈ ગયો,

૧૭૯ ઈબ્ને મુલ્જીમે કઈ ઔરતના કહેવામાં આવીને હ.અલી અ. ને શહીદ કર્યો ?

જવાબ :- કુત્તમા મલઉના

૧૮૦ ઈસ્લામની સૌથી પહેલી મસ્જીદ કઈ છે ?

જવાબ :- મસ્જીદે કુબા

૧૮૧ જનાબે ફાતેમા સ. ની વિલાદત કઈ તારીખે થઈ ?

જવાબ :- ૨૦ જમાદીયુલ આખર ,પાંચ બેઅસત

૧૮૨ જ. ફાતેમા સ. ની કોઈ પણ ત્રણ કુન્નીયત બતાવો ?

જવાબ :- ઉમ્મુલ હસન, ઉમ્મુલ હુસૈન, ઉમ્મે અબીહા, ઉમ્મુલ અઈમ્માહ.

૧૮૩ જ.ફાતેમા ઝહેરા સ. ની શહાદત કઈ ઉંમરે થઈ ?

જવાબ :- ૧૮ વરસ

૧૮૪ જ.ફાતેમા સ. મકકા અને મદિનામા કેટલા વરસ રહ્યા ?

જવાબ :- ૮ વરસ મકકા, ૧૦ વરસ મદિનામા

૧૮૫ હ. અલી અ. ની શહાદતના સમયે ઈમામ હુસૈન અ.ની ઉંમર કેટલા વરસની હતી ?

જવાબ :- ૩૬ વરસ, એક મહીનો અનેત્રણ દિવસ

૧૮૬ ઈમામે હસન અ.ના માતા પિતાનું નામ શું છે ?

જવાબ :- પિતા હ. અલી અ. અને માતા જ. ફાતેમા ઝહરા સ .

૧૮૭ ઈમામે હસન અ.ની શહાદત કઈ તારીખે અને કયા શહેરમા થઈ ?

જવાબ :- એક રિવાયત પ્રમાણે અઠયાવીસ સફર પચાસ હીજરીમાં,

૧૮૮ ઈમામે હસન અ.ના ત્રણ લકબ બતાવો ?

જવાબ :- ઝકી, તય્યબ અને મુજતબા.

૧૮૯ ઈમામે હુસૈન અ.ની વિલાદત કઈ તારીખે થઈ ?

જવાબ :- ત્રણ શાબાન હિજરી સન ચાર

૧૯૦ ઈમામે હુસૈન અ.ની કુન્નીયત શું છે ?

જવાબ :- અબુ અબ્દીલ્લાહ

૧૯૧ ઈમામે હુસૈન અ.નો મશ્હુર લકબ કયો છે ?

જવાબ :- સય્યદુશ્શોહદા

૧૯૨ પયગંબરે ઈસ્લામે પોતાના કયા બેટાને ઈમામે હુસૈન અ. પર કુરબાન કર્યા ?

જવાબ :- ઈબ્રાહીમ ને ,

૧૯૩ તે જંગો કેટલી છે જેમા નબી સ.અ.વ.પોતે લડાઈ માટે ગયા હતા ?

જવાબ :- સત્તાવીસ, ૨૭

૧૯૪ જે જંગમા પોતે નબી સ.અ.વ.ભાગ ન લેતા હતા તે જંગને શું કહેવાય છે ?

જવાબ :- સુરયા

૧૯૫ સુલેહુદયબીયા કયારે થઈ ? અને નબી સ.અ.વ.પર ત્યારે કોણે શક કર્યો હતો ?

જવાબ :- હિજરી સન સાત , ઉમરે

૧૯૬ હ.અલીઅ.ના કયા ફરઝંદને જંગે નહરવાનનો સિતારો કહેવાય છે ?

જવાબ :- મોહંમદે હનફીયાહ ને

૧૯૭ "હું એ છું કે જેની માએ જેનું નામ હૈદર રાખેલ છે" આ શબ્દો કોના છે અને કોના સામે કહેલ છે,અને કઈ જંગમા ?

જવાબ :- હ.અલી અ. કહેલ છે,મરહબના સામે, અને જંગે ખૈબર માં,

૧૯૮ હ.અલીઅ.ની ઉંમર કેટલી હતી જ્યારે જ.અબુતાલીબ પાસેથી માંગીને આપણા નબી સ.અ.વ.પરવસીશ કરવા માટે લઈ ગયા હતા ?

જવાબ :- પાંચ વરસ

૧૯૯ હ.અલીઅ.ના માતા પિતાનું નામ શું હતું ?

જવાબ :- પિતા જ. અબુતાલીબ અ. અને માતા જ.ફાતેમા બીન્તે અસદ

૨૦૦ ખાનએ કાબામા તે કોણ છે જેનો જન્મ થયો છે ?

જવાબ :- હ.અલીઅ.

૨૦૧ જ.ફાતેમા બીન્તે અસદ ખાનએ કાબામાથી કેટલા દિવસ પછી બાહર આવ્યા ?

જવાબ :- ત્રણ દિવસ

૨૦૨ જ.ફાતેમતુઝ્ઝહરા સ.અ.ની કનીઝનું શું નામ હતું ?

જવાબ :- જ.ફીઝ્ઝા

૨૦3 તે સુરાનું નામ બતાવો જે જ. ફાતેમા સ.અ. ની શાનમા નાઝીલ થયો છે ?

જવાબ :- સુરએ કૌસર

૨૦૪ જ.ફાતેમા સ.અ.ના જનાઝામા જે શરીક થયા છે તેમાથી કોઈ પાંચના નામ આપો ?

જવાબ :- હ.અલી અ.,હ.હસન અ.,હ.હુસૈનઅ., સલમાને ફારસી,અકીલ, અબુઝર, મીકદાદ

૨૦૫ જ.ફાતેમા વિષે પયગંબરે ઈસ્લામની કોઈ પણ એક હદીસ બયાન કરો ?

જવાબ :- ફાતેમા મારો ટૂકડો છે જે કોઈ ફાતેમા ને તકલીફ આપી જાણે કે મને તકલીફ આપી,

૨૦૬ જંગે બદ્રમા ઈસ્લામનો સૌથી મોટો કયો દુશ્મન હલાક થયો ?

જવાબ :- અબુ જહલ

૨૦૭ નસારા નજરાન કયા દેશથી મુબાહેલા કરવા આવ્યા હતા ?

જવાબ :- યમન

૨૦૮ મુબાહેલો કરવા નબી સ. સાથે કોણ કોણ ગયું હતું ?

જવાબ :- હ.અલીઅ., બીબી ફાતેમા સ.અને ઈમામે હસન અને ઈમામે હુસૈન અ.

૨૦૯ કઈ જંગમા માવીયા એ પાણી બંધ કર્યું અને હ.અલી અ. ના હુકમથી ઈમામે હુસૈન અ. હમલો કરીને કબ્ઝો કરી લીધો ?

જવાબ :- જંગે સિફ્ફીન

૨૧૦ હ.અલીઅ.ના બે ગુલામોના નામ બતાવો ?

જવાબ :- કમ્બર અને સઈદ

૨૧૧ પયગંબરે ઈસ્લામે કોણે કહયું હતુ કે તમને એક બાગી ગીરોહ કતલ કરશે ?

જવાબ :- જ. અમ્મારે યાસીર

૨૧૨  હ.અલીઅ. પૈદા થયા પછી સૌથી પહેલા કોણે જોયા ?

જવાબ :- હ.રસુલેખુદા સ.અ.વ.

૨૧3  હ.અલીઅ. જનમ પછી નબીસ.ના હાથ પર કયા સુરાની તિલાવત કરી ?

જવાબ :- સુરએ મોઅમેનુન

૨૧૪  હ.અલીઅ. ની તે પત્ની જે ઉમ્મુલબનીન ના નામથી મશ્હુર છે તેવોનું નામ શું છે ?

જવાબ :- ફાતેમા બીન્તે હેઝમ

૨૧૫  ઉમ્મુલબનીન ના  ત્રણ દીકરાઓના નામ બતાવો ?

જવાબ :- અબ્બાસ ,અબ્દુલ્લાહ અને જાફર

૨૧૬  ગદીરના દિવસે હ.અલીઅ. ની શાનમા કયા સહાબીએ કસીદો પઢયો ?

જવાબ :- હસ્સાન બીન સાબીત

૨૧૭  કુર્આનેમજીદ ની તે કઈ આયત છે જે હ.અલી અ. ના ગદીરના મૈદાનમા ખલીફા બન્યા પછી તરતજ નાઝીલ થઈ ?

જવાબ :- સુરએ માએદા આયત નં.3

૨૧૮  હ.અલીઅ.ને ઈમામત કયારે માળી ?

જવાબ :- ૨૮  સફર, ૧૧  હિજરી

૨૧૯  ગદીરના સમયે હ.અલીઅ.ની ઉંમર કેટલી હતી ?

જવાબ :-  33  વરસ

૨૨૦  પયગંબરે ઈસ્લામના કાકા જ.હમઝા કઈ જંગમા શહીદ થયા ?

જવાબ :- જંગે ઓહદ

૨૨૧  ગદીરના કેટલા દિવસ પછી નબી સ.અ.વ.ની વફાત થઈ ?

જવાબ :- ૭૦  દિવસ

૨૨૨  જ.ફાતેમા સ. નબીસ. ની વફાત પછી કેટલા દિવસ સુધી જીવતા રહ્યા ?

જવાબ :- ૭૫  યા ૯૫

૨૨3  મદિનાનું જુનું નામ શું હતું અને મદિના નામ કયારે થયું ?

જવાબ :- જુનુ નામ યસરબ હતું, નબી સ. ના આવ્યા પછી મદિના નામ થયું ,

૨૨૪ રસુલ સ. ના તે સહાબીનું નામ બતાવો જેને નબી સ. ના દાંત શહીદ થવાની ખબર મળી તો પોતાના દાંતોને તોડી દીધા ?
જવાબ :- જ. ઓવય્સે કરની

૨૨૫ પયગંબરે ઈસ્લામ નો જનમ કયારે થયો ?

જવાબ :- ૧૭ રબીઉલ અવ્વલ, ૧ આમુલ ફીલ

૨૨૬ જ.ફાતેમા સ. ના માતા જ.ખદીજાતુલ કુબરા સ.ની વફાત કયારે થઈ ?

જવાબ :- ૧૦ રમઝાન, ૧૦ બેઅસત

૨૨૭ ઈમામે હસન અ. સુલેહ કઈ હિજરી મા કરી, અને તે વરસનું મઆવીયા એ શું નામ રાખ્યું ?

જવાબ :- ૪૧ હિજરી , અને સુન્નતુલ જમાત

૨૨૮ ઈમામે હુસૈન અ.નો કાફલો કરબલા કયારે પહોચ્યોં ?

જવાબ :- ૨ મોહર્રમ, ૬૧ હિજરી

૨૨૯ આશુરાના દિવસે સૌથી પહેલું તીર ઈમામ હુસૈન અ. તરફ કયા મલઉને ફેક્યું ?
જવાબ :- ઉમર ઈબ્ને સાઅદ

૨૩૦ રસુલે ખુદાએ પોતાની કઈ પત્નીને ઈમામ હુસૈન અ.ની શહાદતની ખબર આપી હતી ?
જવાબ :- જ. ઉમ્મે સલમા

૨૩૧ ઈમામે હુસૈન અ. કરબલામા જ્યારે ઝોહરની નમાઝ અદા કરી તો કયા બે સહાબી આગળ હિફાઝત માટે ઉભા રહયા હતા ?
જવાબ :- ઝોહૈર ઈબ્ને કૈન અને સઈદ ઈબ્ને અબ્દુલ્લાહ

૨૩૨ ઈમામે હુસૈન અ. ના માતા પિતા નું નામ બતાવો ?

જવાબ :- હ.અલીઅ. , બીબી ફાતેમતુઝ્ઝહરા સ.અ.

૨૩૩ રસુલુલ્લાહ સ. જે જંગમા પોતે હાજર રહેતા તે જંગને શું કહેવાય છે ?

જવાબ :- ગઝવા

૨૩૪ રસુલે ખુદા સ.અ.વ. પોતાના કયા સહાબીને બશારત આપી હતી કે તમે મારા બેટા"મોહંમદ" નો ઝમાનો જોશો ત્યારે તમે તેવોને મારા સલામ પહોચાડશો ?
જવાબ :- જનાબે જાબીર ઈબ્ને અબ્દુલ્લાહ અનસારી

૨૩૫ નબી સ.અ.વ. સૌથી પહેલા ઈદુલ ફી ત્રની નમાઝ કઈ જગ્યાએ પઢાવી ?

જવાબ :- જંગલમા,

૨૩૬ સાતમી હિજરી સનના ત્રણ કોઈ ખાસ બનાવો બયાન કરો ?

જવાબ :- ખૈબરની ફતહ, જાફરે તૈયાર નું હબશાથી પાછું આવવું અને બાગે ફિદક નબી સ.અ.વ. બીબી ફાતેમા ને આપ્યો ,

૨૩૭ તે કઈ મસ્જિદ હતી જેને પયગંબરે ઈસ્લામે સળગાવાનો હુકમ આપ્યો હતો, અને આ બનાવ કયારે બન્યો હતો ?

જવાબ :- મસ્જિદે ઝેરાર , હિજરી સન ૮

૨૩૮ રસુલે ખુદા સ.અ.વ. ના બે મોઅઝ્ઝીન ના નામ આપો ?

જવાબ :- બીલાલે હબશી, ઈબ્ને ઉમ્મે મકતુમ

૨૩૯ જન્નત કયા ચાર માણસોની તમન્ના કરે છે ?

જવાબ :- અલી, સલમાન , અબુઝર, મીકદાદ

૨૪૦ સલમાન, લુકમાન થી બહેતર છે કોણે કહ્યું ?

જવાબ :- રસુલે ઈસ્લામ

૨૪૧ રસુલે ઈસ્લામ પોતાનો અને સલમાને ફારસી નો ભાઈ કોણે બનાવ્યો ?

જવાબ :- પોતાનો મૌલા અલી અ.ને અને સલમાન નો અબુઝર ને

૨૪૨ મીકદાદ, સલમાને ફારસી અને અબુઝરે ગફ્ફારી આ સહસબીયો ઈમાનના કયા દરજ્જા ઉપર હતા ?

જવાબ :- સલમાને ફારસી દસમા, અબુઝરે ગફ્ફારી નવમા અને મીકદાદ આઠમા,

૨૪૩ "મન કુન્તો મવ્લાહો ફ હાઝા અલીયુન મૌલા" કયારે અને કોણે કહ્યું ?

જવાબ :- નબીસ.અ.વ. ગદીરે ખુમના મૈદાનમા અલ્લાહના હુકમથી હ.અલીઅ. ની વિલાયતનું એલાન કર્યુ હતું.

૨૪૪ હ. અલીઅ. વિષે કોઇ પણ બે હદીસ બયાન કરો ?

જવાબ :- નબી સ. ફરમાવે છે " અના મદિનતુલ ઈલ્મે વ અલીયુન બાબોહા" એટલે "હું ઈલ્મનું શહેર છું અને અલી તેના દરવાઝા છે" "અના દારૂલ હિકમતે વ અલીયુન બાબોહા" એટલે "હું હિકમત થ્ડહાપણધ નુ ઘર છું અને અલી તેના દરવાઝા છે".

૨૪૫ નબી સ.અ.વ. ની ઈમામે હુસૈન અ. વિષે કોઈ પણ હદીસ બયાન કરો ?

જવાબ :- "હુસૈનુમ મીન્ની વ અના મેનલ હુસૈન" એટલે " હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું "

૨૪૬ એ કયા નબી હતા જેઓની હુકુમત ઈન્સાન, જીન્નાત, જાનવર , પવન વગેરે પર હતી ?

જવાબ :- નબી સુલેમાન અ.

૨૪૭ કુર્આને મજીદમા કેટલી આયતો છે જેને પઢવાથી સજદો કરવો વાજીબ છે ?

જવાબ :- ચાર

૨૪૮  એ કયા ઈમામ છે જે કરબલાના શહીદોનો બદલો લેશે ?

જવાબ :- હ. મહેદી સાહેબુઝ્ઝમાન અજ.

૨૪૯  "તહલીલ" એટલે શું ?

જવાબ :-  " લાએલાહા ઈલ્લલ્લાહ " કહેવું ,

૨૫૦ મૌલા અલીઅ. જંગે નહેરવાન કોના સાથે લડી હતી ?

જવાબ :- ખવારીજ સાથે.

૨૫૧ કઈ જંગમા મૌલા અલી અ.ની ઝુલ્ફિકાર નાઝીલ થઈ હતી ?

જવાબ :- જંગે ઓહદ

૨૫૨ એ કયા નબી હતા જે મછલીના પેટમાં રહીને દરિયાની સફર કરી ?

જવાબ :- નબી યુનુસ અ.

૨૫૩ શીઆની ખાસ ચાર કિતાબો થ્કુતુબે અરબાઘ કઈ કઇ છે ?

જવાબ :- અલ કાફી, અલ ઈસ્તેબસાર, મન લા યહઝરુલ ફકીહ, તેહઝીબુલ એહકામ.

૨૫૪ ઈમામે ઝમાના અજ. ની ગયબતે સુગરાની મુદ્દત કેટલા વરસ રહી ?

જવાબ :- ૬૯ વરસ.

૨૫૫ એવા  ત્રણ નામ આપો જે ડૂબતા સૂરજ ને પાછો પલટાવ્યો હોય ?

જવાબ :- હ.મોહંમદ સ.અ.વ., હ.અલી અ. , જનાબે યુશોઅ બીન નૂન ,

૨૫૬ એવી કઈ વસ્તું છે જે ઈસ્લામમાં જાએઝ છે પરંતું તેનાથી ખુદા નારાઝ થાય છે ?

જવાબ :- તલાક .

૨૫૭ શયબતુલ હમ્દ કોનો લકબ છે ?

જવાબ :- જનાબે અબ્દુલ મુત્તલીબ અ.

૨૫૮ સૌથી પહેલા સય્યદુશ્શોહદા કોનો લકબ થયો ?

જવાબ :- જનાબે હમઝા

૨૫૯ કુરઆને મજીદમા તે કયો સૂરે છે જેની એક આયત એક રૂકુઅ છે ?

જવાબ :- સુરએ મુઝમ્મીલ આયત નંબર ૨૦

૨૬૦ મૌલા અલી અ.ની નઝરમા કયા બે માણસોના કોઈ દિવસ પેટ ભરાતા નથી ?

જવાબ :- એક ઈલ્મ મેળવનાર અને બીજો માલ ને હાસીલ કરનાર,

૨૬૧ ફરીશ્તા કોના પગ નીચે પોતાની પાખો બીછાવે છે, હદીસ થી બયાન કરો, ?

જવાબ :- તાલીબે ઈલ્મે દીન,

૨૬૨ જન્નતમાંથી કેટલા પથ્થર ઝમીન ઉપર આવ્યા ?

જવાબ :-ઈમામે મોહંમદ બાકીર અ. ફરમાવે છે કે ત્રણ પથ્થર જન્નતમાથી ઝમીન ઉપર આવ્યાછે, હજરેઅસ્વદ, મકામે ઈબ્રાહીમ મા જે પથ્થર છે તે, અને જ્યારે નબી મુસા પોતાની કૌમ સાથે ફીરઔન ના લશ્કર સાથે લડવા જાતા હતા તો લશ્કર વાળાને તરસ લાગી તો નબી મુસા ખુદા પાસે દુવા માંગી તો તે પથ્થર જીબ્રઈલ લઈને આવ્યા અને તેના ઉપર અસા મારવાથી બાર પાણીના ઝરણા ફુટયા,

૨૬૩ કુરઆને મજીદના કયા સુરાને કુરઆનનું દીલ કહેવાય છે ?

જવાબ :- સુરએ યાસીન,

૨૬૪ દુનિયાની સૌથી બહેતર ચાર સ્ત્રીઓના નામ લ ખો ?

જવાબ :- જનાબે મરીયમ,જ.આસીયા,જ.ખદીજતુલ કુબ્રા, અને જનાબે ફાતેમતુઝ્ઝહરા સ.અ.

૨૬૫ " ગસીલુલ મલાએકા " એટલે જેને મલાએકા ગુસ્લ આપ્યું , કોનો લકબ છે ?

જવાબ :- હંઝલા, પયગંબર ના જવાન સહાબી,

૨૬૬ મોમીને આલે ફીરઔન કોને કહેવાય છે ?

જવાબ :- જનાબે હીઝકીલ

૨૬૭ " આલેમએ ગૈરે મોઅલ્લીમા " કોનો લકબ છે ?

જવાબ :- જનાબે ઝયનબ સ.

૨૬૮ સુરએ દહરનું બીજુ નામ શું છે ?

જવાબ :- સુરએ અલ ઈન્સાન,

૨૬૯ પયગંબરે ઈસ્લામ કોના માટે ફરમાવેલ છે કે " અમારા અહલે બય્ત " મા થી છે ?

જવાબ :- જનાબે સલમાને ફારસી ,

૨૭૦ કુરઆને મજીદ નો તે કયો સુરો છે જે મૌલા અલી અ.ના ઘરેથી ભુખ્યાઓને ત્રણ દિવસ રોટીયો આપ્યા પછી નાઝીલ થયો ?

જવાબ :- સુરએ દહર

૨૭૧ આયતે સલવાત "ઈન્નલ્લાહા વ મલાએકતહુ યુસ્વલ્લુના અલન નબી,યા અયોહલ્લઝીન આમનુ સ્વલુ અલયહે વસ્વલેમુ તસ્લીમા"કયા સુરામાં છે અને કેટલા નંબરની આયત છે ?

જવાબ :- સુરએ " અહઝાબ " સુરો ન૦ ૩૩ , આયત ન૦ ૫૬ .

૨૭૨ દુઆએ ઈફતેતાહ,આપણા કયા ઈમામે તાલીમ આપેલી છે ?

જવાબ :- આપણા ૧૨ માં ઈમામ,હઝરત મહમ્મદ મહેદી સાહેબુઝ્ઝમાન અ૦

૨૭૩ આપણા મોલાએ કાએનાત,હઝરત અલી ઈબ્ને અબી તાલીબ અ૦,પૈદા થયા,પછી હ૦ રસુલે ખુદા સ.અ.વ.ના ખોળામાં,તેઓ,કયા સુરાની આયતની તીલાવત ફરમાવી?

જવાબ :- સુરએ મોઅમેનુન

૨૭૪ આયતે મુબાહેલા,કયા સુરા તેમજ કયા નંબરની આયત છે ?

જવાબ :- સુરો નં ૩ " સુરએ આલે-ઈમરાન " આયત નં ૬૧.

૨૭૫ આયતે વીલાયત કોની શાનમાં નાઝીલ થઈ છે ?

જવાબ :- મૌલાએ મુત્તકેયાન,હઝરત અલી ઈબ્ને અબી તાલીબ અ૦

૨૭૬ " બકીયતુલ્લાહ " આપણા ઈમામે ઝમાના અ૦નું ,એક મુંબારક નામ .કુરઆને મજીદમાં કયા સુરા તેમજ કયા નંબરની આયતમાં બયાન કરવામાં આવ્યું છે ?

જવાબ :- સુરો નં ૧૧ " સુરએ હુદ " આયત નં ૮૬.

૨૭૭ આપણા પયગમ્બર સ૦ અ૦ વ૦,એક વર્ષને " આમુલ હુઝન " એટલે "ગમનુ વર્ષ" નામ રાખ્યુ હતું,તે કયા વર્ષનું નામ છે ?

જવાબ :- જે વર્ષમાં,તેમના વહાલા ચાચા હઝરત અબુતાલીબ અ૦ તેમજ તેમની પત્ની જનાબે ખદીજા સ૦ અ૦ની વફાત થઈ,તે વર્ષનું નામ " આમુલ હુઝન " રાખ્યુ હતું .

૨૭૮ સુરએ માએદાની મુંબારક આયત નં૦૩ તેમજ આયત નં૦૬૭,કઈ જગ્યાએ રસુલે ખુદા અ૦ ઉપર નાઝીલ થઈ હતી ?

જવાબ :- ગદીરે ખુમમાં

૨૭૯ કુરઆને કરીમના,કયા સુરાની તીલાવતથી,રોઝીમાં બરકત થાય છે ?

જવાબ :- સુરએ વાકેઆ

૨૮૦ ઈદની નમાઝમાં સુરએ અલ્હમ્દ પછી કયા બે સુરાઓ પઢવા સુન્નત છે ?

જવાબ :- સુરએ આલા અને સુરએ શમ્સ .

૨૮૧ આયતે તત્હીર, કયા સુરામાં તેમજ કયા નંબરની આયત છે ?

જવાબ :- સુરે અહઝાબ આયત નં૦૩૩ .

૨૮૨ જનાબે જીબ્રઈલ અ૦ની સાત તમન્ના હતી,કે અગરજો તેઓ આદમની ઔલાદમાથી હોત તો જરૂર તે અમલ કરત,તે સાત મહાન અમલ કયા કયા છે, ?

જવાબ :- ૧}- નમાઝે જમાતમા શરીક થવું .- ૨}- બે મોમીનોના વચમાં સુલેહ કરાવી. ૩}- બીમારોની મુલાકાત લેવી.- ૪}- યતીમોની મદદ કરવી.- ૫}- આલીમ સાથે બેસવું, ૬}- મોોમીન અને મોમેનાતના દફન ક્રિયામાં શરીક થવું .- ૭}- હાજીઓને પાણી પીવરાવવું હજના સમયે .

૨૮૩ નમાઝમાં ,એક શ્વાસમાં,કયો સુરો પઢવો મકરૂહ છે ?

જવાબ :- સુરે ઈખલાસ યાને સુરે " કુલ હો વલ્લાહો અહ્દ "

૨૮૪ નમાઝના કીરઅતમાં,એવા કયા ૪ સુરાઓ છે,કે જે ૨ - ૨ કરીને પઢવું જોઈએ ?

જવાબ :- સુરએ ઝોહા અને નશરહ એક સાથે,તેમજ સુરએ ફીલ તથા સુરએ કુરૈશ એક સાથે.

૨૮૫ કુરઆનનો સૌથી છેલ્લો સુરો કયો નાઝીલ થયો છે ?

જવાબ :- સુરએ નસ્ર .

૨૮૬ શું સજદાની આયત,રેડીયો અથવા ટેપમાં સાંભાળવાથી સજદો કરવું વાજીબ છે ?

જવાબ :- જી નહી .

૨૮૭ મૌલા અલી અ૦ની કબ્ર કોને તૈયાર કરેલી હતી યાને કોને ખોદેલી હતી ?

જવાબ :- હઝરત નુહ નબી અ૦

૨૮૮ મૌલા અલી અ૦ના હરમમાં,કયા કયા નબીઓની કબ્ર મુંબારક મૌજાુદ છે ?

જવાબ :- હઝરત આદમ અ૦ તેમજ હઝરત નુહ અ૦.

૨૮૯ હઝરત ઈમામ હુસયન અ૦ના કપાએલા માથાએ,શામના બાઝારમાં,કયા સુરા તેમજ
તેમની કઇ નંબરની આયતની તિલાવત કરી હતી ?

જવાબ :- સુરએ કહ્ફ આયત ન૦૯ .

૨૯૦ હઝરત રસુલે ખુદાએ,કયા સુરાને ખાનએ કાબાના દીવાર પર,ચેલેંજ રૂપે લટકાવ્યા હ્તા ?

જવાબ :- સુરએ કવસર .

૨૯૧ હ.ઈસા નબી અ૦ આપણા પયગમ્બર હ. મોહમ્મદ મુસતફા સ૦ અ૦ વ૦ ની આવવા
ની ખુશખબરી આપેલી હતી,તે કુરઆનના કયા સુરા તેમજ કયા નંબરની આયતમાં બયાન છે ?

જવાબ :- સુરએ સફ આયત ન૦૬ .

૨૯૨ નબી સ૦ અ૦ વ૦મે,આ ૪ હસતીઓમાથી,કોને સુરએ કુલહોવલ્લાહનુ ઉદાહરણ કહ્યું છે ?
૧}-મૌલાઅલી અ૦.૨}-બીબી ઝહરા સ૦અ૦.૩}-ઈમામ હસન અ૦.૪}- ઈમામ હુસયન અ૦.

જવાબ :- મૌલા અલી અ૦.

૨૯૩ પાક કીતાબ કુરઆને મજીદના કયા સુરાઓને " મઉઝતયન " કહેવામા આવે છે ?

જવાબ :- સુરએ " કુલ અંઉઝો બેરબ્બીલ ફલક " અને સુરએ " કુલ અઉંઝો બેરબ્બીન્નાસ "

૨૯૪ કુરઆને કરીમમાં,કયા સુરાને ઈમામ હુસયન અ૦નો સુરો કહેવાય છે ?

જવાબ :- સુરએ વલ ફજર

૨૯૫ "આલીમે આલે મોહંમદ" કયા ઈમામનો લકબ છે ?

જવાબ :- ઈમામ અલી રઝા અ.સ.

૨૯૬ કયા બે ઈમામોને તેમની પત્નીએ ઝેર આપ્યું હતું ?

જવાબ :- ઈમામ હસન અ.સ.અને ઈમામ મોહંમદ તકી અ.સ.

૨૯૭ એ કયા ઈમામો છે જેમની ઉંમર સૌથી નાની હતી ?

જવાબ :- ઈમામ મોહંમદ તકી અ.સ. અને ઈમામ હસન અસ્કરી અ.સ.

૨૯૮ નબી સ.અ. કઈ ઔરત માટે ફરમાવ્યું છે કે તેને જન્નતની ખુશ્બું પણ નસીબ નહી થાય ?
જવાબ :- પતિની નાફરમાન, જે તેના શવહરનું કહેવું ના માને,
૨૯૯ કયા સુરામાં ગીબત કરનાર પોતાના ભાઈનો ગોશ્ત ખાય છે ઝીક્ર કરવામાં આવ્યું છે ?
જવાબ :- સુરએ હોજોરાત
300 કયા ઈમામ ફરમાવ્યું છે કે "તમે અમારા માટે શોભાનું કારણ બનો ન કે બદનામીનું" ?
જવાબ :- ઈમામ જઅફર સાદિક અ.સ.
3૦૧ "રમઝાન" શબ્દ કુરઆને મજીદમાં કયા સુરા અને કઈ આયતમાં છે ?
જવાબ :-સુરએ બકરા ૨,આયત નં.૧૮૫.
3૦૨ નબી સ.અ.વ. ઉપર ખુદા તરફથી રોઝા રાખવાનો હુકમ કઈ હિજરીમાં આવ્યો ?
જવાબ :- ૨ હિજરીમાં.
303 કુરઆને મજીદમાં સૌથી મોટી આયત કઈ છે ? અને તેનો વિષય શું છે ?
જવાબ :- સુરએ બકરા, આયત ૨૮૨. કરઝ આપવું , લેવડ દેવડ.
3૦૪ કુરઆને મજીદમાં કયા મહિના અને દિવસોના નામ આવેલા છે ?
જવાબ :- રમઝાન સુ.બકરા આ.૧૮૫, સુ.જુમ્મા આ.૯ જુમા,
સુ.આરાફ આ.૧૬૩ સબ્ત શનિવાર,
3૦૫ બની ઈસ્રાઈલ કયા નબીની ઔલાદ છે ?
જવાબ :- યાકુબ નબી અ.સ.
3૦૬ સુરએ મોમેનુનમાં કામીયાબ મોમીનની કેટલી નિશાનીઓ બયાન થઈ છે ?
જવાબ :- ૭
3૦૭ જ.જાફરે તૈયાર ઈથોપીયાના રાજા સામે કયા સુરાની તિલાવત કરી હતી ?
જવાબ :- સુરએ મરયમ

૩૦૮ સુ. મુદસ્સીરમાં જન્નતીઓ જહન્નીઓને પુછે છે કે શું કામ જહન્નમમાં નાખવામાં આવ્યા છો ? તો તે કારણ કેટલા અને કયા છે ?

જવાબ :- ૪ કારણ છે, નમાઝ પઢતા ન હતા, ગરીબોને જમાડતા ન હતા, નકામી વાતો કરવાવાળા સાથે બેસતા હતા,કયામત ઉપર ઈમાન રાખતા ન હતા,

૩૦૯ ઈસ્લામની પહેલી શહીદા ઔરત કોણ હતી ?

જવાબ :- જનાબે સુમય્યા, જનાબે અમ્મારે યાસીરની માતા,

૩૧૦ કુરઆને મજીદની એક જ આયતમાં અલ્લાહના સૌથી વધારે નામ કયા સુરાની આયતમાં છે ?

જવાબ :- સુરએ હશ્ર, આયત ૨૩

૩૧૧ આયતે વઝુ કયા સુરામાં અને કઈ આયત છે ?

જવાબ :- સુરએ માએદા , આયત ૬

૩૧૨ કુરઆનમાં કઈ આયત છે જેમા સૌથી વધારે નબીઓના નામો છે અને કેટલા છે ?

જવાબ :- સુરએ નીસા, આયત ૧૬૩. ૧૧ નબીઓના નામ.

૩૧૩ કઈ જગ્યા પર નમાઝ કસ્ર અને પુરી બન્ને પઢી શકાય છે ?

જવાબ :- મસ્જીદુલ હરામ, મસ્જીદે નબવી, મસ્જીદે કુફા અને હરમ ઈમામ હુસૈન અ.સ.

૩૧૪ શીઆની ચાર કિતાબો કઈ કઈ છે ?

જવાબ :- અલ કાફી, અલ ઈસ્તેબસાર, મન લા યહઝરુલફકીહ , તહઝીબુલ અહકામ,

૩૧૫ સુરએ લુકમાનમાંથી જનાબે લુકમાનની પાંચ નસીહતો તેમના દીકરાને ?

જવાબ :- શીર્ક ન કરજે, મા બાપ નો એહતેરામ, ઘમંડ ન કર, મોટી અવાઝે ન બોલ, નમાઝ કાયમ કર, અમ્રબીલ મઅરૂફ અને નહ્યઅનીલ મુન્કર કર અને તકવા,

૩૧૬ કુરઆને મજીદમાંથી પાંચ કયામતના નામો સુરા અને આયત સાથે બતાવો?

જવાબ :- **યવમલ કીયામહ** સુ.૨/૮૫, **અસ્સાઅહ** સુ.૬/૩૧, **યવમુલ હીસાબ** સુ. ૩૮/૧૬, **અલવાકીયાહ** સુ.૫૬/૧,**યવમુલ જમ્અ** સુ.૬૪/૯.

૩ ૧૭ જન્નતના પાંચ નામ ?

જવાબ :- **અલ જન્નહ** ૨/૨૫ , **દારૂસ્સલામ** ૬/૧૨૭**, અદન** ૯/૭૨ ,
**નઈમ** ૩૧/૮, **જન્નતુલ મઆવા** ૫૩/૧૫.

૩ ૧૮ શબે કદ્દ નો ઝીક્ર જે સુરામા થયો છે તેમાથી બે સુરાના નામ ?

જ્વાબ :- સુ. કદર અને સુ. દુખાન

૩ ૧૯ કુરઆને મજીદમાંથી જહન્નમના પાંચ નામ આપો ?

જવાબ :- **જહીમ** સુ.બકરહ આ.૧૧૯, **હુતામહ** સુ. હોમઝહ આ.૪, **સઈર** સુ.નીસા આ.૧૦,
**અન્નાર** સુ.બકરહ આ.૨૪, **સીજ્જીન** સુ.મુતફ્ફેફીન આ.૭,

૩ ૨૦ ઈમામ અલી અ.ની ઝાહેરી હુકુમત કેટલા વરસ હતી ?

જવાબ :- ૪ વરસ ૯ મહીના ૨૧ દિવસ, ( રિવાયતમાં ઈખતેલાફ )

૩ ૨૧ સુરએ રોમમાં ખુદા કેટલી આયતોમાં તેની નિશાનીઓને ઝીક્ર કરેલ છે ?

જવાબ :- આયત ૨૦,૨૧,૨૨,૨૩,૨૪,૨૫,૪૬,

૩ ૨૨ કુરઆને મજીદના કેટલા સુરાના શરૂમાં " હુરૂફે મુકત્તેઆત " છે ?

જવાબ :- ૨૯

૩ ૨૩ એ કઈ ઔરત છે જેના ચાર દીકરા કરબલામાં શહીદ થયા ? બધાના નામો આપો.

જવાબ :- જ.ફાતેમા બીન્તે હેઝામ ઉમ્મુલબનીન.
જ.અબ્બાસ,જ.જઅફર,જ.ઉસ્માન,જ.અબ્દુલ્લાહ.

૩ ૨૪ હદીસમાં કોના તરફ નઝર કરવી હજનો સવાબ બતાવવામાં આવ્યો છે ?

જવાબ :- માબાપના ચહેરા તરફ નઝર કરવી,

૩ ૨૫ હદીસમાં કઈ નેકી કરવાથી જીંદગી લાંબી થવાનો ઝીક્ર છે ?

જવાબ :- સગાવહાલા સાથે રીશ્તાને જોડવો , સીલે રહેમી,

**અગર કોઈ ભુલ દેખાય તો જરુર જાણ કરવા વિનંતી.**
**સુરએ ફાતેહા તમામ મરહુમીન માટે ........ સલવાત.**

Palsani_110@yahoo.fr
**Zilqad 1432**